# અનાદિમુક્ત પીઠિકા

વર્ષ : ૫૫ ● અંક : ૮
૧૦ ઓગસ્ટ, ૨૦૨૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-



ક્રાંતિકારી યુગપુરુષ પ.પૂ. બાપજીનું દિવ્ય સ્મૃતિસ્થાન










# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










(૧-૨) મોટા અંકેવાળિયા ખાતે પધરામણીમાં લાભ (૩-૬) મોરબી ખાતે પધરામણીમાં તેમજ હેપી ફેમિલિ અંતર્ગત જાહેર સભામાં લાભ (૭) સેટેલાઇટ ખાતે પધરામણીમાં લાભ (૮) સ્વા.ધામ ગુરુકુલમાં નૂતન પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને વર્તમાન ધરાવતા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

# શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

## Divine Discipline

(ઓગસ્ટ માસના સંકલ્પો)

### દિવ્યદૃષ્ટિ

દર અઠવાડિયે પરિવારના સભ્યોએ ભેગા થઈને ક્ષમાયાચના દિન કરવો.
(માફી માગવી, દંડવત કરવા, પંચાંગ પ્રણામ કરવા, ચંદન અર્ચન કરવું, સમૂહભોજન કરવું)

### જનરલ શિસ્ત

સમયપાલનનો ગુણ કેળવીએ અને અન્યના સમયનો આદર કરીએ.
સત્સંગ સભામાં, મિટિંગમાં તથા અન્ય સત્સંગના તેમજ
વ્યવહારિક પ્રોગ્રામમાં સમયસર હાજરી આપીએ.


GHANSHYAM

10 August, 2026 • Year : 51 • Edition : 08

ઘનશ્યામ

૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ ● વર્ષ : ૫૧ ● અંક : ૦૮



૦૪ દિવ્યવાણી

૦૭ કાચના ટુકડા અને ઘરનો ઉજાસ

૧૦ અનાદિમુક્ત પીઠિકા મહાત્મ્ય

૧૪ દિવ્ય સાંનિધ્ય શિબિર



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ


**'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.



# દિવ્યવાણી

તા. ૧૧-૭-૨૦૨૬ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત

કારણ સત્સંગમાં કારણ સ્વરૂપ શ્રીજીમહારાજના મુખ્યપણાની સાથે સત્પુરુષના પ્રગટપણાનું પણ એટલું જ મહાત્મ્ય છે. તા. ૧૧-૭-૨૦૨૬ની એકાદશીની સંકલ્પ સભામાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આ વાતને વધુ સમર્થન આપતાં જણાવેલું કે, કારણ સત્સંગમાં આવનાર દરેક મુમુક્ષુ ચૈતન્યને મૂર્તિરૂપ અનાદિમુક્ત કરનાર સ્વયં મહારાજ જ છે પરંતુ માધ્યમ તો સત્પુરુષને જ બનાવે છે. મહારાજ પોતાનો અવરભાવ અદૃશ્ય કર્યા પછી કૃપા વરસાવવાનું, પ્રાપ્તિ કરાવવાનું, પ્રાપ્તિથી સ્થિતિ સુધી પહોંચાડવાનું, રાજીપો આપવાનું, રાજીપાના દિવ્ય કલ્યાણકારી ગુણો શીખવવાનું કામ સત્પુરુષ દ્વારા જ કરે છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે કે,

"સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવ શું રે;
જેથી ટળે મનના વિવિધ વિકાર રે,
જેને સંગે વાધે રે પ્રભુ સંગ પ્રીતડી રે;
ટળી જાય જાત વર્ણ અહંકાર રે."

જેમને સેવવાથી કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, મદ, મત્સર, આશા, તૃષ્ણા આદિ મનોવિકાર ટળી જાય. જેમના સંગમાં રહેવાથી દિવસે દિવસે જગતમાંથી, દેહ અને દેહના સંબંધીમાંથી પ્રીતિ તૂટે ને પ્રભુમાં પ્રીતિ વધતી જાય, જાત-વર્ણનો અહંકાર ટળી જાય તે સાચા સત્પુરુષ છે.

લૌકિક મોટપ હોય, વિદ્વાન, ભણેલા, પંડિત, શાસ્ત્રી હોય, ઉંમરમાં મોટા હોય, પરચા-ચમત્કાર આપતા હોય તે સત્પુરુષને ઓળખવાનું માપદંડ નથી. એ કાંઈ તેઓની પરભાવી મોટપ નથી. સત્પુરુષને ઓળખવા એ બહુ જબરી ઘાંટી છે. આવા અનાદિમુક્ત સત્પુરુષને ઓળખવાના ત્રણ જ ઉપાય છે :

**૧. મહારાજ જેની પર અનહદ કૃપા કરે તેને જ ઓળખાય.**

**૨. એવા મોટા જ મોટાને ઓળખાવે તો ઓળખાય.**

મહાસમર્થ સદ્. ગોપાળાનંદ સ્વામી વડોદરાથી વિચરણ કરી કારિયાણી શ્રીજીમહારાજનાં દર્શન કરવા પધાર્યા. મહારાજે પૂછ્યું કે, "સ્વામી, સુખી તો છો ને !" ત્યારે સદ્. ગોપાળાનંદ સ્વામીને વડોદરાની જાહોજલાલીમાંથી આવેલા જોઈ સ્વામી પ્રત્યે મનુષ્યભાવના સંકલ્પે ચડેલા વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ વ્યંગ્યમાં ઉત્તર કર્યો, "મહારાજ ! શહેરમાંથી આવે છે તે સુખી તો એવા જ હશે." સ્વામીનો આ કટાક્ષ મહારાજને ન ગમ્યો. પછી તો મહારાજે સ્વામીને સદ્. ગોપાળાનંદ સ્વામીનાં દિવ્ય તેજોમય દર્શન કરાવી પોતાની મૂર્તિમાં લીન થતાં દર્શન કરાવ્યાં ત્યારે સ્વામીની યથાર્થ ઓળખાણ થઈ. સદ્.

નિષ્કુળાનંદ સ્વામીએ આપણને શીખવવા આ લીલા કરેલી કે મહારાજ કે મોટા જ મોટાને ઓળખાવે તો જ મોટા ઓળખાય.

**૩. એમના કાર્યોથી ઓળખાય.**

જે સંકલ્પ લઈને પધાર્યા હોય તે સંકલ્પો સાકાર થતા દેખાય. આપણા સર્વોપરી ભગવાન સ્વામિનારાયણે એવાં સર્વોપરી કાર્યો કર્યાં જે બ્રહ્માંડોમાં કોઈ ન કરી શકે. બાપાશ્રી અવરભાવમાં ગૃહસ્થ છતાં ભગવાન જેવા સદ્‌ગુરુશ્રીઓ - ઝાલાવાડના સદ્. હરિનારાયણદાસજી સ્વામી, ભુજના સદ્. અક્ષરજીવનદાસજી સ્વામી, સદ્. અચ્યુતદાસજી સ્વામી, અમદાવાદના સદ્. નિર્ગુણજીવનદાસજી સ્વામી, સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્. વૃંદાવનદાસજી સ્વામી આદિ પાંચસો પાંચસો સદ્‌ગુરુઓ તેમના ખોળામાં માથું મૂકી મૂર્તિનું સુખ માગતા. બળદિયાની સીમમાં કોઈ પગ મૂકે ને ઘાટ-સંકલ્પો વિરામ પામી જતા. આ એમનું કાર્ય બોલે છે કે તેઓ પરભાવી સ્વરૂપ હતા. દેહધારી આવું ન કરી શકે.

આવા મોટા મુક્તપુરુષનાં કાર્યો કેવાં અજોડ હોય તેનું વિવરણ કરતું અદ્‌ભુત કીર્તન જોઈએ :

"મુક્તપુરુષ તો તેને રે કહીએ,
જે મૂર્તિના સુખમાં રમાડે રે;
સત્પુરુષ તો તેને રે કહીએ,
જે શાશ્વત શાંતિ પમાડે રે."

સાધુ થવાય, સંત થવાય, વિદ્વાન થવાય, પંડિત, વક્તા, કથાકાર થવાય, ડૉક્ટર અને એન્જિનિયર પણ થવાય પરંતુ સત્પુરુષ થવાતું નથી. બે-પાંચ કે પચ્ચીસ જણ કહે ને સત્પુરુષ બની જવાતું નથી. સત્પુરુષ જન્મતા નથી. સત્પુરુષ પ્રગટે છે. જેમ ભગવાન થવાતું નથી એમ સત્પુરુષ પણ થવાતું નથી. શાશ્વત શાંતિનું મૂળ એવી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં રમાડે એને કહેવાય સત્પુરુષ. તેઓ અવરભાવમાં કેવી રીતે ઓળખાય ? તો,

"પંચવર્તમાન પાળી પળાવી,
વિષયથી પ્રીતિ તોડાવે રે;
દેહભાવથી અળગા કરી હરિ,
ધ્યાનમાં લગની લગાવે રે."

આ ઘોર કળિકાળની અંદર આ એસ.એમ.વી.એસ.ના સમાજમાં ચા-કૉફી સરખું વ્યસન નથી. ગૃહસ્થાશ્રમમાં રહી અવેરી વર્તમાન પાળવું અઘરું પડે જ્યારે આજે આ સમાજમાં સેંકડો સ્ત્રી-પુરુષો બ્રહ્મચર્યનું પાલન કરે છે. આ બધો પ્રતાપ ગુરુદેવ જેવા સત્પુરુષ મળ્યા તેનો છે.

ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમ કહેતા, "કરોડોનાં દાન કરનારા ઘણા મળે પરંતુ શુદ્ધ ઉપાસનાવાળો એક નિષ્ઠાવાન હરિભક્ત પકવવો એ બહુ અઘરું છે." ગુરુદેવે એવા હજારો-લાખો નિષ્ઠાવાળા સહજાનંદી સિંહ સમા હરિભક્તોની વણઝાર ઊભી કરી દીધી છે જેના રૂંવાડે રૂંવાડે હોય...

'હમ તો એક સહજાનંદ, સહજાનંદ ગાવે;
હમારે મન સ્વામિનારાયણ, દૂસરો ન ભાવે.'

એથી આગળ 'હું દેહ નથી' આ સમજણની દૃઢતા પણ સત્પુરુષના પ્રતાપે જ છે.

અમે હૉસ્પિટલમાં એક આઠ-દસ વર્ષના બાળમુક્તની ખબર પૂછવા ગયા. તેને પૂછ્યું, 'કેમ છે ભઈલા ?' ત્યાં તો બાળમુક્તે રજમાભેર જવાબ આપ્યો, 'મૂર્તિમાં જ છું, કાંઈ નથી થયું.'

માટે જ આગળ કીર્તનમાં આવે છે,

"સદાય દિવ્ય સાકાર સ્વરૂપ છે, પ્રગટ પ્રભુ સુખકારી રે;
જીવોને એવું જ્ઞાન સમજાવી, મુક્ત થયા પરોપકારી રે."

'સ્વામિનારાયણ ભગવાન ગયા નથી, સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે, સાકાર અને મૂર્તિમાન છે. દાદાખાચરને મળ્યા'તા એ જ અત્યારે આપણને મળ્યા છે.' આ ગળથૂથી દિવ્યપુરુષ વ્હાલા ગુરુદેવે પાઈ છે. તેથી આપણું નાનું છોકરું સ્વીકારવા તૈયાર ન થાય કે મહારાજ ગયા. ૮૪ વર્ષના એક ડોસાથી મહારાજના સ્વરૂપને ઓળખાવવાની શરૂઆત એ દિવ્યપુરુષે કરેલી. આજે હજારો સહજાનંદી સિંહ તૈયાર કરી દીધા. વળી, જોગમાં આવનારના જીવમાં ઠસાવી દીધું કે,

"સર્વાવતારી અજોડ મૂર્તિ, સ્વામિનારાયણ સુખરાશિ રે;
ચોખ્ખી ઉપાસના દૃઢ કરાવી, કરે મૂર્તિના નિવાસી રે."

આપણા ગુરુદેવ કહેતા, "કોઈ ૬૦ વર્ષથી બીજાનાં ટોકરા-ટોકરી વગાડતો હોય, પણ મારી જોડે એક કલાક બેસે એટલે એનાં ટોકરા-ટોકરી બંધ થઈ જાય."

અમે મહેસાણાથી પાલનપુર જતા હતા. રસ્તામાં એક દેસાઈ હરિભક્ત દર્શન માટે ઊભા રહેલા. તેઓ પૂનમે રેગ્યુલર આવતા

તેથી જોયેલા પણ નામથી ન ઓળખીએ. કપાળમાં ફર્સ્ટ ક્લાસ તિલક-ચાંદલો જોઈ ગાડી ઊભી રાખી. અમે પૂછ્યું, “તમે અહીં કેમ ?” તો કહે, “સ્વામી, આ મારું અવરભાવનું ગામ છે. અવરભાવનું હોં ! બાકી તો મૂર્તિ જ મારું ગામ છે. અવરભાવનું મારું નામ આ છે પણ ખરું નામ તો અનાદિમુક્ત જ છે હોં !”

આપણા એક પાંચ-સાત વર્ષના બાળમુક્તને તેના પપ્પા આંગળી પકડીને એક મોટા સંત પાસે લઈ ગયા હતા. મોટા સંતે પૂછ્યું, “તારું નામ શું છે ?” તો કહે, “અનાદિમુક્ત.” “ક્યાં રહે છે ?” તો કહે, “મૂર્તિમાં.” આગળ પૂછ્યું, “કોની મૂર્તિમાં ?” તો કહે, “સ્વામિનારાયણ ભગવાનની.”

આ છે આપણો કૉપીરાઇટ માલ. હજારોના જીવમાં ભગવાન સ્વામિનારાયણ ઘાલી દીધા આ દિવ્યપુરુષે !! તે આપણા ગુરુ છે એટલે સત્પુરુષ તરીકે સ્વીકારી લીધા છે એવું નથી. પરંતુ તેઓ આવા દિવ્ય સત્પુરુષ છે એટલે આપણે તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા છે. કીર્તનમાં આગળ શું કહે છે,

“શ્રીજી વિના સૌથી તોડી, પતિવ્રતાની ભક્તિ કરાવે રે;
પુરુષોત્તમરૂપ પાત્ર બનાવી, અનાદિ સંગે ઠેરાવે રે.”

અત્યારે પુરુષોત્તમરૂપ પાત્ર કરવા માટેની બહુ મોટી ઇન્ડસ્ટ્રી ચાલુ થઈ છે. મુમુક્ષુમાંથી મુક્ત કરવાની ફૅક્ટરી ચાલે છે આ. એ પણ બે-ચાર-પાંચને નહિ; જથ્થાબંધ વેપાર ચાલુ થયો છે. અહીં એક જ ડાઈ છે – અનાદિમુક્તની. કથાવાર્તા દ્વારા બેસાડી બેસાડીને પાત્ર કરી રહ્યા છે. આવા સત્પુરુષ ક્યાં રહે છે ? તો,

“પોતે અખંડ મૂર્તિમાં રહે છે, સંકલ્પે શ્રીજી દેખાય રે;
જેને પૂજે હરિ પૂજાણા, જેને દુખવે હરિ દુખાય રે.”

મોટાપુરુષ આ બ્રહ્માંડમાં આવતા જ નથી. ખાતાં-પીતાં, હરતાં-ફરતાં દેખાય છે તે કોણ છે ? તો મહારાજનો સંકલ્પ મહારાજ આ બ્રહ્માંડમાં મોકલે છે. મુક્ત મહારાજ નથી પરંતુ મહારાજ એ દ્વારા દેખાય છે. તેથી તેમને પૂજવાથી મહારાજ પૂજાય ને તેમને દુખવવાથી મહારાજ દુખાય. જેની ઉપર મહારાજ દુખાય તેની શું દશા થાય ? સત્યાનાશ વળી જાય, નિકંદન નીકળી જાય. માટે મોટાપુરુષને પૂજીએ નહિ તો કાંઈ નહિ પણ તેમને દુખવીએ તો નહિ જ. આ બાબતમાં ખૂબ ચેતવું.

મહારાજની આપણી પર ખૂબ અનહદ કરુણા છે કે આપણને એવા દિવ્ય સત્પુરુષ મળ્યા છે. બસ, હવે તેમને રાજી કરી લઈએ, દિવ્યભાવે સેવી લઈએ. એમના જેવા દિવ્ય કલ્યાણકારી ગુણે યુક્ત બનીએ એ જ એ દિવ્યપુરુષને ઓળખ્યાનું ફળ ગણાશે.

## સંત શિબિર

તાજેતરમાં તા. ૯થી ૨૪ જૂન, ૨૦૨૬ એમ ૧૬ દિવસ દરમ્યાન ગાંધીનગર સ્થિત સહજ ફાર્મ ખાતે સંસ્થાના પૂ. સંતોની વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ૮-૮ દિવસના બે ગ્રૂપમાં શિબિરનું આયોજન થયું. આ આઠ દિવસ દરમ્યાન સૌ પૂ. સંતોને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અદ્‌ભુત અમૃતવાણીનો લાભ મળ્યો. જેમાં આધ્યાત્મિકતાના માર્ગે આગળ વધવા અવરભાવ ટાળી પરભાવ પ્રસ્થાપિત કરવાની રીત, દૈનિક સાધનો રિઝલ્ટિવ કરવાની રીત શીખવવામાં આવી તથા ગઢડા છેલ્લા પ્રકરણના ૩૯મા વચનામૃત અને બાપાશ્રીની સિલેક્ટેડ વાતો પર વિશેષ પ્રકાશ પાથરવામાં આવ્યો હતો.

સાથે આ શિબિરમાં પૂ. સંતોને કુટિર દરમ્યાન મહારાજમાં જોડાવા માટે એકાંતનો સમય વધુ પ્રાપ્ત થયો હતો. જેમાં નૈસર્ગિક વાતાવરણમાં પૂ. સંતો ધ્યાન, માળા-પ્રદક્ષિણા, કીર્તનભક્તિ, વાંચન, શ્રવણ, લેખન, મનન, હું કોણ છું ? વિચાર આદિ આહ્નિક દ્વારા વ્યક્તિગત સ્વવિકાસમાં મશગૂલ રહ્યા હતા.

ગ્રૂપ-૨ની શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજીએ સર્વે પૂ. સંતોની સાથે શિબિર સ્થળે જ રોકાણ કરી સૌને શિબિરમાં સવિશેષ લાભ આપ્યો હતો.

પૂ. સંતોની સાથે સાથે સંસ્થાના પૂ. ત્યાગી મહિલામુક્તોની પણ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પર ભક્તિનિવાસમાં પૅરેલલ શિબિર ગોઠવાઈ હતી. જેમાં તેઓ પૂ. સંતોની શિબિરમાં મળતો ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અમૃતવાણીનો ઑનલાઇન માધ્યમે લાભ લઈ બળિયા થયાં હતાં. આ રીતે શિબિર દરમ્યાન સંસ્થાના ત્યાગી વર્ગે આધ્યાત્મિકતાના માર્ગે એક વધુ સોપાન સર કર્યું.



કારણ સત્સંગમાં કેવળ અનાદિમુક્તની જ ડાઈ છે.



# કાચના ટુકડા અને ઘરનો ઉજાસ

સાંજનો છ વાગ્યાનો સમય હતો. આકાશભાઈ ઑફિસેથી થાક્યાપાક્યા ઘરે આવ્યા. જેવો એમણે ઘરમાં પગ મૂક્યો કે તરત જ ડ્રોઈંગ રૂમના સોફા પર પડેલાં રમકડાં જોઈને એમનું કપાળ કરચલીઓથી ભરાઈ ગયું.

“કેટલી વાર કીધું કે ક્રીશને રમકડાં ઠેકાણે રાખતાં શિખવાડો ને ! આખો દિવસ ઘરમાં એની જ ગંદકી હોય છે. જ્યાં જુઓ ત્યાં રમકડાં...” આકાશભાઈ ઊંચા અવાજે પત્ની દિશાબેનને સંભળાવવા લાગ્યા.

આકાશભાઈનો ઊંચો અવાજ સાંભળી દિશાબેન રસોડામાંથી બહાર દોડી આવ્યાં. તેમના એક હાથમાં વેલણ અને એક હાથમાં તાવેથો હતાં. તેમના મુખ પર પરસેવાનાં બિંદુઓ જામી ગયાં હતાં. એમનો ચહેરો પણ ખૂબ થાકેલો હતો.

“અરે, એ હમણાં જ રમીને ટ્યૂશન ગયો છે. હું રસોઈ કરતી હતી એટલે ઉપાડવાનાં બાકી રહી ગયાં. તમે તો આવતાંની સાથે જ ખિજાવાનું શરૂ કરી દો છો !” દિશાબેન ઢીલા સ્વરે બોલ્યાં.

“ખિજાઉં નહિ તો શું કરું ? બહાર આખો દિવસ આટલી માથાકૂટ કરીને ઘરે શાંતિ મળશે એવી આશાથી આવું છું. પણ અહીં તો બધું વેરવિખેર જ હોય છે. બહાર ઑફિસમાં મૅનેજમૅન્ટ પર ધ્યાન આપવું પડે અને વળી ઘરની સ્વચ્છતા પાછળ પણ મારે જ ધ્યાન રાખવા-રખાવવાનું ?”

બાજુના રૂમમાંથી આકાશભાઈના પિતા રમણભાઈ આ બધું જ જોઈ રહ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી તેઓના ધ્યાનમાં હતું કે તેમના દીકરા આકાશભાઈ નાની નાની વાતોમાં ચિડાઈ જતા હતા. ઘરના સભ્યોની જ ભૂલો એમને પહેલાં દેખાતી હતી. જો રસોઈમાં મીઠું ઓછું હોય તો એ રસોઈનાં વખાણ કરવાને બદલે પત્નીની બેદરકારી પર ગુસ્સે થતા. જો ક્રિશના માર્ક્સ થોડા ઓછા આવે તો તેના ભવિષ્યની ચિંતામાં આખા ઘરનું વાતાવરણ બગાડી નાખતા. આકાશભાઈનો આ નકારાત્મક દૃષ્ટિકોણ ધીમે ધીમે પરિવારની ખુશીઓને ઊધઈની જેમ ખાઈ રહ્યો હતો. પત્ની દિશાબેન તેમના ઘરમાં આવવાથી ધ્રૂજી ઊઠતાં. ભયમાં ક્ષણો પસાર કરતાં. અંદર અંદર મૂંઝાતાં. દિલ ખોલીને કોઈ વાતની રજૂઆત કરવામાં તેમના હોઠ ફફડતા. બંને સાથે રહેતાં પરંતુ બંને વચ્ચેનું અંતર ઘણું વધતું જતું હતું. ક્યારેક તો દિશાબેનની આંખો ભીની થઈ જતી.

રમણભાઈએ વિચાર્યું કે, 'દીકરાને ફક્ત ઉપદેશ આપવાથી એનો અભિગમ નહિ બદલાય, એને જીવનનો પાઠ વર્તન દ્વારા શીખવવો પડશે.'

બીજા દિવસે રવિવાર હતો. આકાશભાઈને રજા હતી. આખો પરિવાર હૉલમાં બેઠો હતો. રમણભાઈએ દીકરાને કહ્યું, "બેટા આકાશ, આજે મેં તારા માટે અને વહુ બેટા દિશા માટે એક સરપ્રાઇઝ પ્લાન કર્યો છે. પણ તે પહેલાં મારે હૉલની મધ્યમાં આવેલી આપણી જૂની લાકડાની કૅબિનેટ શિફ્ટ કરવી છે. જરા મને મદદ કરીશ?"

"હા પિતાજી, ચોક્કસ." કહેતાં કહેતાં આકાશભાઈ ઊભા થઈ ગયા અને પિતા રમણભાઈને કૅબિનેટ ખસેડવામાં મદદ કરવા લાગ્યા.

દિશાબેન પણ ત્યાં જ થોડે દૂર ઊભાં હતાં. કૅબિનેટને જરા આંચકો લાગતાં થોડી નમી અને તેના ઉપર રાખેલી એક ખૂબ જ કીમતી અને પ્રાચીન કાચની ફૂલદાની જે રમણભાઈને એમના આધ્યાત્મિક ગુરુ તરફથી આશીર્વાદ સ્વરૂપે મળેલી હતી. જે આખા પરિવારને પણ ખૂબ પ્રિય હતી. તે સરરરર કરતી સરકીને સીધી નીચે પડી.

ઝણણણ... (અવાજ સાથે) એક ક્ષણમાં જ આખો હૉલ કાચના ટુકડાઓથી ભરાઈ ગયો. કીમતી ફૂલદાનીના ટુકડે ટુકડા થઈ ગયા હતા. આકાશભાઈ એકદમ સ્તબ્ધ થઈ ગયા. એમના ચહેરા પર ગુસ્સો અને આઘાત સ્પષ્ટ દેખાતા હતા. એમણે તરત જ પત્ની દિશાબેન તરફ આક્રોશભરી નજરે જોયું જે નજીક જ ઊભાં હતાં.

"દિશા! તું ત્યાં ખાલી ઊભી રહી! તારાથી એ ફૂલદાની પકડી ન શકાય? તારું ધ્યાન ક્યાં હતું? તું જાણે છે પિતાજીની સૌથી વ્હાલી વસ્તુ તૂટી ગઈ!" આકાશભાઈ પોતાની ભૂલ જોવાને બદલે દિશાબેન પર આરોપ મૂકતાં તાડૂકી ઊઠ્યા. દિશાબેનની આંખોમાં આંસુ આવી ગયાં, "પણ હું તો..."

આ બાજુ રમણભાઈ જેમની સૌથી પ્રિય વસ્તુ તૂટી હતી; તેઓ સહેજ પણ ગુસ્સે ન થયા. તેમના ચહેરા પર એક અદ્ભુત શાંતિ અને સ્મિત હતાં. તેઓ દોડીને દિશાબેન પાસે આવ્યા. તેમણે ફૂલદાનીના ટુકડા જોવાને બદલે દિશાબેનના હાથ પર નજર કરી અને ચિંતાતુર અવાજે પૂછ્યું, "બેટા દિશા! તારા પગમાં કે હાથમાં કાચના ટુકડા વાગ્યા તો નથી ને? તું સલામત છે ને?"

દિશાબેને રડતાં રડતાં માથું ધુણાવ્યું, "ના પપ્પા, હું ઠીક છું. પણ તમારા ગુરુજીની પ્રસાદીની વસ્તુ..."

રમણભાઈએ હસીને કહ્યું, "અરે બેટા! વસ્તુઓ તો નિર્જીવ છે. આજે નહિ તો કાલે તૂટવાની જ હતી. પણ મારા ઘરની દીકરી સમાન વહુને જો એક નાનો કાચનો ટુકડો પણ વાગી ગયો હોત તો એ દર્દ મને આખી જિંદગી વસવસો આપત. તું સુરક્ષિત છે એ જ મારા માટે સૌથી મોટો આનંદ છે." આકાશભાઈ આ દૃશ્ય જોઈને અવાક થઈ ગયા. એમને હતું કે પિતાજી ગુસ્સે થશે, દિશાને વઢશે અથવા દુઃખી થશે. એની જગ્યાએ પિતાજીએ જે પૉઝિટિવ દૃષ્ટિકોણ બતાવ્યો એ આકાશભાઈના હૃદયને હચમચાવી ગયો.

રમણભાઈ દીકરા આકાશભાઈ પાસે ગયા. એમના ખભા પર હાથ મૂક્યો અને શાંતિથી બોલ્યા, "જોયું બેટા આકાશ? અત્યારે આપણી સામે બે વસ્તુઓ હતી. એક, તૂટેલી ફૂલદાનીનો કચરો અને બીજું, આપણા પરિવારના સભ્યની સુરક્ષા. જો હું તૂટેલી વસ્તુ પર ધ્યાન આપત તો ઘરમાં ક્લેશ થાત, દિશાનું દિલ દુભાત અને રવિવારનો આખો દિવસ ઝઘડામાં પૂરો થાત. પણ મેં પરિસ્થિતિની સકારાત્મક બાજુ જોઈ કે સારું થયું વહુ બેટા બચી ગયાં. તેને કાંઈ વાગ્યું તો નથી!"

રમણભાઈએ આગળ કહ્યું, "બેટા, જીવન પણ આ કાચની ફૂલદાની જેવું જ છે. રોજબરોજની જિંદગીમાં પરિસ્થિતિઓ વેરવિખેર થશે, લોકોથી ભૂલો થશે. રમકડાં પડ્યાં રહેશે, રસોઈમાં ખામી રહેશે. જો તું માત્ર એ તૂટેલા કાચના ટુકડા એટલે કે ખામીઓ પર જ દૃષ્ટિ રાખીશ તો તારું પોતાનું લોહી ઊકળશે અને ઘરના લોકો પણ તારાથી દૂર ભાગશે. અને જો તું જે સારું છે તેના પર દૃષ્ટિ રાખીશ તો તને ઘર મંદિર સમાન લાગશે.

માટે બેટા, હંમેશાં યાદ રાખવું કે સંબંધો પરિસ્થિતિથી નથી તૂટતા, નકારાત્મક વિચારોથી તૂટે છે. પરિવારમાં 'કોણે ભૂલ કરી?' એના કરતાં 'હવે શું સારું થાય?' એ જોવું એ જ સાચી પૉઝિટિવિટી. પરિવારની શોભા કીમતી વસ્તુઓથી નહિ, પરસ્પર સ્વીકારભાવથી છે. એટલે જ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આપણને Happy Family કરવા ત્રણ માસ્ટર કીનો ઉપયોગ વારંવાર કરવા જણાવ્યું છે:

(૧) Acceptance - સ્વીકૃતિ

(૨) Adjustment - અનુકૂળ થવું

(૩) Compromise - જતું કરી દેવું

બેટા, એક વાત યાદ રાખવી. વસ્તુઓ તૂટે તો તેનો કચરો થાય પણ આપણો અહમ્ તૂટે તો સંબંધો અમર થાય.''

પિતાજીના આ શબ્દો આકાશભાઈના હૃદયમાં સીધા આરપાર ઊતરી ગયા. એમને સમજાયું કે, અત્યાર સુધી એ ઘરમાં માત્ર નકારાત્મકતા જ શોધતા હતા. એમણે એ ન જોયું કે એમનાં પત્ની આખો દિવસ પરિવાર માટે એકલાં કેટલી મહેનત કરે છે ! ક્રીશ કેટલો માયાળુ દીકરો છે અને પિતાજી કેટલા પ્રેમાળ છે ! એમણે માત્ર પોતાની નજર બદલવાની જરૂર હતી. નજારો આપોઆપ બદલાઈ જવાનો હતો.

આકાશભાઈની આંખમાંથી પશ્ચાત્તાપનાં આંસુ વહી રહ્યાં હતાં. એમણે પિતાજીને પગે લાગીને કહ્યું, ''પિતાજી, મને માફ કરજો. આજે તમે મારી આંખો ખોલી નાખી. હું કાચના ટુકડાઓ પાછળ ઘરનો ઉજાસ ભૂલી ગયો હતો.'' ''દિશા, મને માફ કરી દેજો. મેં તમારી પર વગરવાંકે ગુસ્સો કર્યો છે. તમારું દિલ દુભાયું છે. હું તમને વચન આપું છું કે આજ પછી હું ઘરમાં માત્ર પ્રેમ અને સકારાત્મકતા જ જોઈશ.'' ''બેટા ક્રીશ, આઈ એમ સૉરી. હું તારી લાગણીઓને સમજી નથી શક્યો. તારા માટે સમય નથી ફાળવ્યો. હું તને પ્રૉમિસ આપું છું કે રોજ અડધો-પોણો કલાક તારી સાથે વિતાવીશ.'' ''અને પપ્પા, દિશા ઘરનું બધું કામ જવાબદારીપૂર્વક ઉપાડી લે છે ત્યારે હું નિરાંતે ઑફિસ સંભાળી શકું છું. ક્રીશના ભણતરની ચિંતાય એ જ રાખે છે. તમારી સંભાળ પણ એ જ રાખે છે. એમનો મને ઘણો બૅક સપોર્ટ છે. હું તેમનો બહુ ઋણી છું.'' આટલું કહેતાં આકાશભાઈની આંખ ભીની થઈ ગઈ. રમણભાઈ, દિશાબહેન અને ક્રીશ એકબીજાની સામે ગૌરવથી જોઈ બોલી ઊઠ્યા, ''My home, Happy home.'' એ સાંજે ઘરમાં ફૂલદાની તો નહોતી પણ આખા ઘરમાં એક અદ્ભુત સુગંધ અને હકારાત્મક ઊર્જા પ્રસરેલી હતી.

આ વાર્તા આપણને શીખવે છે કે સુખ અને દુઃખનો આધાર પરિસ્થિતિ પર નથી પણ આપણી પરિસ્થિતિને જોવાની દૃષ્ટિ પર છે. દરેક પરિવારમાં ખામીઓ અને અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગો આવવાના જ છે. જો આપણે પરિવારના સભ્યોની ભૂલો, મર્યાદાઓ કે નકારાત્મક બાબતો પર જ ધ્યાન કેન્દ્રિત કરીશું (જેમ આકાશભાઈ કાચના ટુકડા પર કરતા હતા) તો ઘરમાં માત્ર તણાવ જ રહેશે. પરંતુ જો આપણે સામેની વ્યક્તિના ગુણો, તેમની મહેનત અને સકારાત્મક બાજુને જોવાનો અભિગમ કેળવીશું (જેમ રમણભાઈએ કર્યું) તો ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પરિવારમાં એકતા, પ્રેમ અને પરમ શાંતિ જળવાયેલી રહેશે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.' જો આપણો પૉઝિટિવ દૃષ્ટિકોણ હશે તો આપણું 'હોમ' ખરા અર્થમાં 'હેપી હોમ' બનશે.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ. નિ. ગજેન્દ્રસિંહ ગનુભા રાણા, ઉંમર વર્ષ-૫૨, નરોડા; તા. ૧૨-૬-૨૦૨૬**

**મૂ. નિ. મહેન્દ્રકુમાર ડાહ્યાભાઈ ચૌધરી, ઉંમર વર્ષ-૫૩, ગાંધીનગર; તા. ૨૯-૬-૨૦૨૬**

**મૂ. નિ. પરષોત્તમભાઈ નાગજીભાઈ અકબરી, ઉંમર વર્ષ-૭૮, સુરત; તા. ૨૯-૬-૨૦૨૬**

**મૂ. નિ. પરષોત્તમદાસ આત્મારામદાસ પટેલ, ઉંમર વર્ષ-૭૩, કલોલ; તા. ૬-૭-૨૦૨૬**

**મૂ. નિ. ભરતભાઈ શાંતિલાલ ચતવાણી, ઉંમર વર્ષ-૬૫, મોરબી; તા. ૯-૭-૨૦૨૬**

**મૂ. નિ. ડાહીબેન પ્રહ્લાદભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૪, આખજ; તા. ૧૬-૬-૨૦૨૬**

**મૂ. નિ. અમૃતબેન લવજીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૮, ઘાટલોડિયા; તા. ૨૨-૬-૨૦૨૬**

**મૂ. નિ. અલકાબેન જયલેશભાઈ બ્રહ્મભટ્ટ, ઉંમર વર્ષ-૬૫, ગોતા; તા. ૬-૭-૨૦૨૬**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



# અનાદિમુક્ત પીઠિકા મહાત્મ્ય

૨૮-૨૮ વર્ષ સુધી શ્રીહરિએ ગઢપુરની ભૂમિને પોતાની રમણભૂમિ બનાવી તેને તીર્થત્વ પ્રદાન કર્યું હતું. એમ ૩૨-૩૨ વર્ષ સુધી ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ વાસણા, અમદાવાદની ભૂમિને પોતાની રમણભૂમિ બનાવી તેને તીર્થત્વ પ્રદાન કર્યું છે.

અવરભાવની રીતે વાસણા મંદિરની સ્થાપના થઈ ત્યારથી વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ વાસણા ભૂમિને સ્વયંનું મુખ્ય સ્થાન તથા સંસ્થાના મુખ્ય મથક તરીકેની ઓળખ આપી. દેશોદેશમાં વિચરણ કરી ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા મંદિરે પાછા ફરતા ત્યારે જાણે વિરામ અનુભવતા હોય તેવાં દર્શન કરાવતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ અવરભાવમાં દર્શન આપ્યાં ત્યાં સુધી વાસણા મંદિરે બિરાજ્યા. પરંતુ પોતાની અવરભાવની હયાતી બાદ સદૈવ પ્રગટ અને પ્રત્યક્ષપણે બિરાજમાન થવા સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરની દિવ્ય સંકલ્પભૂમિને પસંદ કરી.

શ્રીહરિના સિદ્ધાંતો યાવદ્ચંદ્રદિવાકરૌ આ બ્રહ્માંડને વિષે જીવંત રહે તેવા હેતુથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ અવરભાવમાં પોતાની હયાતીમાં સંસ્થાના મુખ્ય બંધારણની રચના કરી દીધી હતી. એ બંધારણમાં આલેખાઈ ગયું હતું કે, એસ.એમ.વી.એસ. સંસ્થાના આદ્ય સ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજી જ્યારે અંતર્ધાન થશે ત્યારે તેઓશ્રીનો અંતિમ સંસ્કાર વિધિ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. જ્યાં ભવિષ્યમાં એક ભવ્ય સ્મૃતિ સ્મારક પણ બનશે.

એ ન્યાયે ગુરુદેવ પ.પૂ. બાપજીએ અંતર્ધાન લીલા ગ્રહણ કરી ત્યારે તેઓના અવરભાવનો અંતિમ સંસ્કાર વિધિ જે દિવ્ય સ્થાનક પર કર્યો છે તે દિવ્ય સ્થાનક એટલે જ 'અનાદિમુક્ત પીઠિકા.'

તા. ૨૪-૮-૨૦૧૯ ને સોમવારની સંધ્યાએ આ દિવ્ય સ્થાન પર ગુરુદેવ પ.પૂ. બાપજીનો અંતિમ સંસ્કાર વિધિ કરવામાં આવ્યો હતો. તા. ૨૫-૮-૨૦૧૯ની વહેલી સવારે મંગળા આરતી બાદ તુરત ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંતો-હરિભક્તોએ સહિત અનાદિમુક્ત પીઠિકાએ (એ સમયે સ્મૃતિસ્થાન શબ્દ વપરાતો હતો) પધાર્યા.

ગુરુદેવ પ.પૂ. બાપજીના મહાત્મ્યથી રસતરબોળ એવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ અનાદિમુક્ત પીઠિકાને દિવ્યભાવે

દંડવત-દર્શન તથા પ્રદક્ષિણા કરી. ત્યારબાદ આ જ દિવસે સવારે સ્નાન કરતી વખતે ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય સ્મૃતિમાં ખોવાયેલા ગુરુજીએ રચેલી પ્રાર્થના, 'હો જીવન અમારા ગુરુ બાપજી મારા...'નું સમૂહમાં ગાન કરાવી ગુરુદેવ પ.પૂ. બાપજીના ઉપકારની સ્મૃતિ તાજી કરાવી, સંત-હરિભક્ત સમાજને ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાકારે કરી દીધો.

એ જ દિવસે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે, ''આજુબાજુમાં નજીક રહેતા હરિભક્તોએ દરરોજ ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્મૃતિસ્થાને દર્શન માટે પધારવું. દર્શને આવો ત્યારે આ ક્રમ રાખવો : જેમાં પુરુષ વર્ગે પાંચ દંડવત્ પ્રણામ કરવા અને મહિલા વર્ગે પાંચ પંચાંગ પ્રણામ કરવા. ત્યારબાદ પાંચ પ્રદક્ષિણા કરવી તથા બે મિનિટ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી ગુરુદેવ પ.પૂ. બાપજીની સ્મૃતિ પ્રાર્થના કરવી.''

અંતિમ વિધિના બીજા જ દિવસથી ગુરુજીએ અનાદિમુક્ત પીઠિકાનો દૈનિક દર્શનનો ક્રમ ગોઠવી આપ્યો હતો. વળી, જ્ઞાનસત્ર-૧૩ના દ્વિતીય દિને અર્થાત્ તા. ૧-૧૧-૨૦૧૯ના રોજ પ્રાતઃ સેશનમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા નૂતન અનાદિમુક્ત પીઠિકાનું ઉદ્‌ઘાટન થયું હતું. આ જ દિવસે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજી સ્મૃતિસ્થાનને 'અનાદિમુક્ત પીઠિકા' નામાભિધાન થયું હતું. વળી, અનાદિમુક્ત પીઠિકા એવું જ નામ કેમ રાખ્યું ? તો પીઠિકા એટલે જ્યાં કોઈ મહાનપુરુષ બિરાજતા હોય, જ્યાં તેમના સંકલ્પો અને ઓરા તે ભૂમિ સાથે વણાઈ ગયાં હોય; કદાચ ભલે તે અવરભાવની રીતે હાજર ન હોય પણ તેમણે આપેલું જ્ઞાન ત્યાં અજર અને અમર હોય. ગુરુદેવ પ.પૂ. બાપજીના આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્યનો મુખ્ય હેતુ જીવોને શ્રીહરિની સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવી, અનાદિમુક્તની સ્થિતિ પમાડવી એ હતો. આજે આ સ્થાન પર ગુરુદેવ પ.પૂ. બાપજી અખંડ બિરાજ્યા છે ત્યારે યાવદ્‌ચંદ્રદિવાકરૌ આ સ્થાનથી અનાદિમુક્તની સ્થિતિનું પ્રવર્તન થનાર છે. માટે આ સ્થાનનું નામાભિધાન 'અનાદિમુક્ત પીઠિકા' કર્યું છે.

અનાદિમુક્ત પીઠિકાના ઉદ્‌ઘાટન વખતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી હતી કે, ''બાપજી, આપ અહીં બિરાજતા થકા હજારોના મનોરથ પૂર્ણ કરજો. અહીં આવીને જે જે પ્રાર્થના કરે એમના સંકલ્પને સાંભળજો. દુખિયાનાં દુઃખ ટાળજો. સુખિયા કરજો. આપે દયાળુ, જીવન પર્યંત હજારો-લાખોનાં દુઃખ કાપ્યાં છે. આ આપનું કર્તવ્ય ચાલુ રાખજો.''

વળી, આ અનાદિમુક્ત પીઠિકા માટેનો ભાવિ સંકલ્પ તથા આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, ''ભવિષ્યમાં મહારાજનો સંકલ્પ અહીં બહુ પ્રબળ છે. બહુ મોટું ભવ્ય તીર્થસ્થાન અહીં થશે. એ સ્થાન એવું તૈયાર થશે કે દેશના-વિદેશના મુસલમાન, ખ્રિસ્તી, હિંદુ, પારસી, શીખ... દુનિયાની બધી જ કોમ અને બધા વર્ણના લાખો લોકો અહીં આવશે અને આ સ્થાન વિશ્વભરમાં પ્રખ્યાત થશે. અહીં જે જે આવશે એનાં બે કામ થશે. પહેલું, શાંતિ, શાંતિ, શાંતિ થશે અને બીજું, એનો છેલ્લો જન્મ થશે. એવું ભવ્ય અને દિવ્ય સ્થાન અહીંયાં થશે.''

આજરોજ ગુરુજીએ અનાદિમુક્ત પીઠિકાને સાઈલન્ટ ઝોન તરીકે જાહેર કરી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીના ઋણમાંથી મુક્ત થવા તથા અનાદિમુક્તની સ્થિતિનું વિશ્વભરમાં પ્રવર્તન કરવાના ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સંકલ્પે ડિસેમ્બર, ૨૦૨૬માં ઊજવાનાર 'શ્રીહરિ સંકલ્પ મહોત્સવ' ઉપક્રમે અનાદિમુક્ત પીઠિકાનો શિલાન્યાસ વિધિ રાખવામાં આવ્યો છે. એ દિવસથી અનાદિમુક્ત પીઠિકાને એક ભવ્ય સ્મૃતિ સ્મારકનું રૂપ આપવાનું કાર્ય આરંભાશે. જે એસ.એમ.વી.એસ.ના સમાજ માટે અત્યંત આનંદનો અવસર બની જશે.

એ દિવ્ય દિને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કેટલા રાજી હશે તથા કેવા દિવ્ય સંકલ્પો વહેવડાવશે એ તો એ દિનના સાક્ષી બનનારને જરૂર અનુભૂતિ થશે. રખે આપણે રહી ન જઈએ.

આ અનાદિમુક્ત પીઠિકા એ માત્ર એક દર્શનીય કે પૂજનીય સ્થાન નથી. અનાદિમુક્ત પીઠિકા એ અનેક આધ્યાત્મિક, સાંસારિક, માનસિક, શારીરિક દુઃખોથી અવરાયેલા મુમુક્ષુઓના અંતરની વેદના ઠાલવવાનું તથા ગુરુદેવ પ.પૂ. બાપજીની કૃપા-પ્રસન્નતા મેળવી સ્વજીવનનાં દુઃખો, તકલીફોને દૂર કરવાનું દિવ્ય સ્થાન છે.

ગુરુદેવ પ.પૂ. બાપજી વર્તમાનકાળે આ અનાદિમુક્ત પીઠિકા પર સદા પ્રગટ અને પ્રત્યક્ષપણે બિરાજી સંતો-હરિભક્તોની પ્રાર્થના સાંભળી કેવા મનોરથ પૂરા કરે છે તેના સેંકડો પ્રસંગોમાંથી કિંચિત્ પ્રસંગોનું આચમન કરી કૃતકૃત્ય બનીએ...

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ અનાદિમુક્ત પીઠિકા માટે આપેલા આશીર્વાદ મુજબ જે મુમુક્ષુ અનાદિમુક્ત પીઠિકાની હદમાં પ્રવેશ કરશે તેમને અંતરમાં અદ્‌ભુત દિવ્ય શાંતિનો અનુભવ થશે.

વસ્ત્રાલ સેન્ટરનાં સેજલબેન પટેલના અવરભાવના જીવનમાં પારિવારિક તકલીફને લીધે ઘણા પ્રશ્નો રહેતા. નિરંતર કોઈ ને

કોઈ બાબતની મૂંઝવણ તેમને સતાવ્યા કરતી. પ્રશ્નો અને મૂંઝવણોથી તેઓનું અંતર દગ્ધ રહેતું. એ જ અરસામાં તેઓ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર અનાદિમુક્ત પીઠિકાએ દર્શન માટે આવ્યાં. પીઠિકાની હદમાં પ્રવેશતાં જ તેમના અંતરના બધા ઘાટ શમી ગયા હોય તેવો અનુભવ થવા લાગ્યો. ઘણા સમયથી ન અનુભવેલી પરમ શાંતિનો અહેસાસ તેમને થવા લાગ્યો. ઘણા સમય પછી આવી પરમ શાંતિનો અનુભવ થતાં અંતરથી હળવાશ અનુભવાવા લાગી.

જેટલી વખત અનાદિમુક્ત પીઠિકાએ જવાનું થયું ત્યારે જેવા તેઓ અનાદિમુક્ત પીઠિકાની હદમાં પ્રવેશે ત્યાં જ તમામ વિચારો થંભી જતા અને અંતરમાં અદ્‌ભુત શાંતિનો અનુભવ થવા લાગતો.

●●●

ગુરુદેવ પ.પૂ. બાપજીના અતિ કૃપાપાત્ર મૂ.નિ. સાગરદાનભાઈ સ્વામિનારાયણ જેમના અવરભાવના દીકરા પ્રવીણભાઈ સ્વામિનારાયણ છે તેમનો એક ફ્લૅટ મુંબઈમાં હતો. જેની જરૂર ન જણાતાં તેમણે વેચી નાખ્યો. ઘણી મોટી કિંમતમાં ફ્લૅટ વેચાયો પણ તે પૈસા તેમને રિફંડ થતા ન હતા.

C.A.ના (ચાર્ટર્ડ અકાઉન્ટન્ટના) કહેવા મુજબ ત્રણ મહિનામાં જ પૈસા રિફંડ થઈ બૅંકમાં જમા થઈ જવા જોઈએ પરંતુ ડિસેમ્બર માસમાં વેચાયેલા ફ્લૅટના પૈસા ૮-૮ મહિના સુધી પરત ન મળતાં પ્રવીણભાઈ થોડા ચિંતામાં આવી ગયા.

એક દિવસ એકાદશીએ સંકલ્પ સભામાં તેઓ આવ્યા હતા. તેમની સાથે તેમના મિત્રને પણ લાવ્યા હતા. સંકલ્પ સભામાં ગુરુજીનો લાભ લઈ બંને મિત્રો અનાદિમુક્ત પીઠિકાએ દર્શન કરવા આવ્યા. પ્રવીણભાઈએ પોતાના મિત્રને અનાદિમુક્ત પીઠિકા શું છે? તેની વિગતવાર માહિતી આપી તથા મહાત્મ્ય કહી દર્શન કરાવ્યાં. પ્રવીણભાઈએ મુંબઈમાં વેચાયેલા ફ્લૅટના પૈસા રિફંડ થતા નથી તેવી વાત અગાઉ તેમના મિત્રને કરી હતી. મિત્રએ તેમને કહ્યું, 'અમારા ગુરુનું સમાધિસ્થાન છે. ત્યાં તું માનતા માન તો તારું કામ થઈ જશે.'

પ્રવીણભાઈનું અંતર આ સાંભળી અસ્મિતાથી ઊભરાઈ ગયું. તેમને વિચાર થયો કે, 'મને મળેલા દિવ્યપુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી સમર્થ અને સમ્રાટ સ્વરૂપ છે. આજ સુધી એમણે એક જ પીયૂષ પાયાં છે કે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ કદી સકામ ન થવું જોઈએ. તે મુજબ કદી સકામ થયો નથી. પણ આજે પ્રશ્ન ઘણો વિકટ છે તો બીજા કોઈની આગળ મારા મનની મૂંઝવણ કહું તે કરતાં અનાદિમુક્ત પીઠિકાએ ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રગટ બિરાજે છે. માટે તેમને જ આ પ્રાર્થના કરું.' પ્રવીણભાઈ ફરીથી એકાદશીએ જ પીઠિકાએ ગયા. પોતાના અંતરની મૂંઝવણ રજૂ કરી પ્રાર્થના કરી, સો પ્રદક્ષિણા કરવાનો સંકલ્પ કર્યો.

હજુ એકાદશીએ તો તેમણે પ્રાર્થના કરી અને બીજા દિવસે બારસની સવારે તેમના C.A.નો ફોન આવ્યો કે, 'તમારા ખાતામાં ફ્લૅટના પૈસાનું રિફંડ ભરાઈ ગયું છે.' ઘણા સમયથી અટકેલું રિફંડ ગુરુદેવ પ.પૂ. બાપજીને પીઠિકાએ માત્ર એક પ્રાર્થના કરવાથી મળી જાય !! ગુરુદેવ પ.પૂ. બાપજીની અવરભાવમાં પણ હરિભક્તો પર કેટલી કૃપા ને કરુણા !!

●●●

તા. ૧૮-૨-૨૦૨૬ના રોજ મોરબીથી એક મહિલા હરિભક્ત સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પર અનાદિમુક્ત પીઠિકાએ દર્શન કરવા આવ્યાં હતાં. તેઓને ગળાનું કૅન્સર હતું. આ રોગને લીધે છેલ્લા ત્રણ દિવસથી તેમને જમવાનું બિલકુલ બંધ થઈ ગયું હતું. અતિ પીડાથી હારી આ મહિલા હરિભક્તે અનાદિમુક્ત પીઠિકાએ ગુરુદેવ પ.પૂ. બાપજીને ખૂબ કગરી કગરીને પ્રાર્થના કરી. પીઠિકાએ દર્શન વિધિ પૂર્ણ કરી અંતરમાં થોડી હળવાશ અનુભવાતાં આ મહિલા હરિભક્તે અનાદિમુક્ત પીઠિકાની ચરણરજ લઈ લીધી.

ઘરે આવી દરરોજ ચરણરજને ગળા ઉપર લગાવતાં થોડા દિવસમાં તેમને રાહત અનુભવાવા લાગી. તેમણે મેડિકલ રિપોર્ટ્સ કરાવ્યા તો નોર્મલ આવ્યા. જે ગળાના કૅન્સરથી તેઓ રિબાતાં હતાં તે કૅન્સર સંપૂર્ણતઃ નાબૂદ થઈ ગયું. ડૉક્ટરોની ટીમ પણ આ રિપોર્ટ જોઈ અચંબો પામી ગઈ. આમ, અનાદિમુક્ત પીઠિકાની ચરણરજમાં પણ કેવો પ્રતાપ છે કે તે લગાવવા માત્રથી કૅન્સર જેવા અસાધ્ય રોગ પણ મટી જાય છે. ગુરુદેવ પ્રગટપણે બિરાજી આજે પણ ભક્તોની રક્ષા કરે છે.

●●●

ગાંધીનગર રહેવાસી સંજયભાઈ ભગવાનદાસ પટેલ પહેલાં મેઘાણીનગર, અમદાવાદમાં રહેતા હતા. ત્યાં આસપાસનું વાતાવરણ તથા પાડોશ યોગ્ય ન લાગતાં તેઓ સપરિવાર ગાંધીનગર રહેવા આવી ગયા. તેઓએ મેઘાણીનગરનું મકાન વેચવા મૂક્યું. પરંતુ યોગ્ય ગ્રાહક મળતા ન હતા. વળી, ઘર વેચાણ માટેના અન્ય ઘણા પ્રશ્નો હતા. તેઓએ અનાદિમુક્ત પીઠિકાએ આવી મહારાજ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીને ખૂબ પ્રાર્થના કરી અને મકાન વેચાઈ જશે તો અનાદિમુક્ત પીઠિકાએ

પાંચ કિલો ઘી અર્પણ કરવાનો સંકલ્પ કર્યો. મહારાજ અને ગુરુદેવ પ.પૂ. બાપજીની કૃપાથી થોડા જ દિવસમાં મકાન વેચાઈ ગયું અને પૈસા છૂટા થઈ ગયા.

સદા પરભાવમાં વિલસતા ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપણને સૌને શ્રીહરિની સર્વોપરી નિષ્ઠાની દૃઢતા કરાવવા રાત્રિ-દિવસ મથામણ કરી છે. તેઓ અનાદિમુક્ત પીઠિકાએ બિરાજી અવરભાવની પ્રાર્થના સાંભળી હરિભક્તોના મનોરથ કેવા પૂર્ણ કરે છે !

હરિભક્તોને થતા આવા દિવ્ય અનુભવો જ દર્શાવે છે કે અનાદિમુક્ત પીઠિકાએ શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રગટ અને પ્રત્યક્ષપણે બિરાજી હરિભક્તોના મનોરથ પૂર્ણ કરે છે.

આપણે સૌ પણ અનાદિમુક્ત પીઠિકાએ પ્રગટપણે બિરાજતા મહારાજ, બાપા, ગુરુદેવને પ્રાર્થના કરી તન, મન, ધનના દુઃખોથી નિવૃત્તિ પામીએ.

## કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૨૫-૬-૨૬**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં પધારેલ પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત ૩૬૭૭૭થી વધુ મુમુક્ષુ મુક્તોને દિવ્ય સુધાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૬-૬-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોટા અંકેવાળિયા** ખાતે રાત્રિ સમે ૪ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૨૭-૬-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતન તેમજ કાર્યકર સભામાં લાભ આપીને ઉપસ્થિત મુક્તોને બળિયા કર્યા હતા.

આજરોજ મધ્યાહ્‌ન સમયે **વ્હાલા ગુરુજી**એ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ૫ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ પોતાના વ્હાલસોયા દીકરા સમાન કિશોરમુક્તોને લાભ આપી બળ પ્રદાન કર્યું હતું.

આજરોજ રાત્રિ સમે **વ્હાલા ગુરુજી**એ જાહેર સભા અંતર્ગત હેપી ફૅમિલિ વિષયક કથાવાર્તાનો લાભ આપીને ૧૬૫૦થી વધુ હરિભક્તોને કૃપાવંત બનાવ્યા હતા.

**તા. ૨૮-૬-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે પ્રાતઃ સમયે અંગત સભા તેમજ પ્રાતઃ સભા દરમ્યાન ચુનંદા મુક્તોને મહાત્મ્યસભર તેમજ અસ્મિતાસભર કથાવાર્તાનું પાન કરાવીને સત્સંગના માર્ગે આગળ વધાર્યા હતા.

આજરોજ મધ્યાહ્‌ન સમયે **વ્હાલા ગુરુજી**એ ૧ મહાપૂજાનો લાભ આપી યજમાન પરિવારને કૃપાવંત બનાવ્યા હતા.

આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે ૭ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૯-૬-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમના સમૈયામાં ઉપસ્થિત પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૩૯,૫૧૨થી વધુ લાભ લઈ રહેલ પૂનમિયા ભક્તોને પોતાની સુધાવાણીનો અલભ્ય લાભ આપી બળિયા કર્યા હતા.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સેટેલાઇટ** ખાતે સાયંકાળે ૨ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા.

**તા. ૩૦-૬-૨૬**ના રોજ રાત્રિ સમે **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ગુરુકુલ તેમજ છાત્રાલયમાં પ્રવેશ પામેલા નવા તેમજ જૂના તમામ વિદ્યાર્થીમુક્તોને વર્તમાન ધરાવી મૂર્તિસુખના અધિકારી બનાવ્યા હતા.

**તા. ૩-૭-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતેથી સમસ્ત એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજને જ્ઞાન-ધ્યાન ચિંતન દરમ્યાન લાભ આપીને રાજીપાના માર્ગે આગળ વધવા માટે અનેરું બળ પ્રદાન કર્યું હતું.

**તા. ૧૧-૭-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભા દરમ્યાન પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લઈ રહેલ ૩૮૭૪૧થી વધુ મુક્તજનોને બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.



વ્હાલા ગુરુજીના અનન્ય નિકટતમ લાભનો પર્યાય

# દિવ્ય સાંનિધ્ય શિબિર

શ્રીજી કૃપાળુએ શિર કર સ્થાપી, આ અમારા કહીને બોલાવ્યા છે; શ્રીજી મૂર્તિમાં રાખવાને આવ્યા છે.

ગ્રીષ્મના બળબળતા તાપમાં વટેમાર્ગુ કે રાહદારીઓને જો ઘેઘૂર વડલાનો છાંયો મળી જાય તો એના અંતરમાંથી હાશકારો નીકળ્યા વિના રહે જ નહીં. ગુરુજી એટલે માતૃવાત્સલ્યનો ઘેઘૂર વડલો. તેમના દિવ્ય સાંનિધ્યને માણવાનો અવસર એટલે દિવ્ય સાંનિધ્ય શિબિર. સાંસારિક પ્રશ્નો, વ્યવહારની આંટી-ઘૂંટીઓને મૂકી સૌ મુક્તો બે-ત્રણ દિવસ વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં આવતા ત્યારે એક અલગ પ્રકારની હાશનો અનુભવ કરતા. એક અનોખી દિવ્ય શાંતિનો અનુભવ કરતા અને એટલે જ જેમ બાંધેલા વાછરડાને છૂટું મૂકો એટલે સીધું એની મા પાસે દૂધ પીવા માટે ભાગે. એમ જે ઝોનમાં શિબિરાર્થીઓને સમાચાર મળે કે સૌ દોડીને વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં આવી જતા. સામે પક્ષે વ્હાલા ગુરુજી પણ સૌને મહારાજના મહિમાની, પંચવર્તમાનની, સિદ્ધાંતની, અસ્મિતાની, પ્રાપ્તિના કેફની અને સાંપ્રદાયિક ઇતિહાસની વાતો કરી સૌને સત્સંગનાં પીયૂષ પિવડાવતાં, માતૃવાત્સલ્ય હેત વરસાવી સૌને નિકટ લેતા. આ મહામૂલો અવસર એટલે જ દિવ્ય સાંનિધ્ય શિબિર.

### ઝોનવાઇઝ શિબિરો

ઈ.સ. ૨૦૨૬ દરમ્યાન વ્હાલા ગુરુજીએ અતિ વ્યસ્ત વિચરણ વચ્ચે પણ પોતાના વ્હાલસોયા યુવા-કિશોરોને મહારાજથી નિકટ લેવા માટે, મહારાજને ગમે તેવું જીવન જીવવા માટે ૮ જેટલી (ભારત ખાતે ૫ તથા વિદેશ ખાતે ૩) દિવ્ય સાંનિધ્ય શિબિરમાં પધારી, લાભ આપી સત્સંગનું ભાથું પીરસીને બળ પ્રદાન કર્યું હતું. આ તમામ શિબિરો દરમ્યાન નાના નાના ગ્રૂપમાં ૨૦૦થી ૩૦૦ જેટલા મુક્તો આવીને આધ્યાત્મિક બળને પામતા. તો વ્હાલા ગુરુજી પણ સૌને અતિ નિકટ લેવાનો આગ્રહ જણાવતા.

### નિકટતમ સાંનિધ્ય

સ્નાનાદિક ક્રિયા, નિત્યપૂજા, મંગળા દર્શન, ધ્યાન-ભજન અને માળાથી શરૂ થતી મંગલ પ્રભાત વ્હાલા ગુરુજીની



દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા, વ્હાલા દીકરા કરનાર.










| તારીખ | | ઝોન |
|---|---|---|
| ૧૮/૧૯-૪-૨૦૨૬ | (કિશોર) | અમદાવાદ (પૂર્વ), અમદાવાદ (પશ્ચિમ), મહેસાણા, સુરત, ગાંધીનગર |
| ૨૫/૨૬-૪-૨૦૨૬ | (યુવા) | અમદાવાદ (પૂર્વ), ગાંધીનગર, ગોધર |
| ૯/૧૦-૫-૨૦૨૬ | (યુવા) | અમદાવાદ (પશ્ચિમ), સુરત, ભાવનગર, રાજકોટ, હિંમતનગર, મુંબઈ, મોરબી |
| ૨૩/૨૪-૫-૨૦૨૬ | (યુવા) | વડોદરા, ગોધરા, સુરેન્દ્રનગર, મહેસાણા |
| ૪/૫-૭-૨૦૨૬ | (કિશોર) | વડોદરા, ભાવનગર, ગોધર, ગોધરા, મોરબી, હિંમતનગર, રાજકોટ, મુંબઈ, સુરેન્દ્રનગર |

દિવ્યવાણીનો લાભ લેવા માટે સભાના સ્વરૂપમાં ફેરવાતી ત્યારે સૌ મુક્તોનાં શીશ વ્હાલા ગુરુજીના આગ્રહ સામે નતમસ્તક બની જતાં. સમસ્ત એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજના ગુરુસ્થાને જેઓ બિરાજે છે તે એમ કહે, ‘‘આવી ગયા, મારા વ્હાલા વ્હાલા દીકરાઓ આવી ગયા. અમે તમારાં માવતર છીએ. અમારે તમારાથી નિકટતા કેળવવી છે. અમારે તમને મહારાજને રાજી કરવાની રીત કહેવી છે અને રાજીપાના માર્ગે દોડાવવા છે.’’ આહાહા... કેટલી મોટી વાત ! ખરેખર તો દર્શન-સમાગમની ત્વરા ભક્ત સમાજને હોવી જોઈએ. પણ અહીં તો આખી ઊલટી રીતનાં દર્શન થાય. વળી, કદાચ કોઈ કારણસર શિબિરમાં ન આવી શક્યું હોય તો ગુરુજી તેઓને પણ સ્નેહથી સંભારે : ‘ઘનશ્યામનગરથી સિદ્ધાંત આવ્યો છે ? ઓલો મોરબીવાળો સુનિલ ક્યાં છે ? સ્વામી, ભુજવાળા નિલેશને ફોન કરો તો કેમ દેખાતો નથી ?’ આહાહા ! આખો સંપ્રદાય જેમની દિવ્યવાણીનો લાભ લેવાની ચાહના ધરાવે છે. એ ગુરુજી મને યાદ કરે ! ભરસભામાં મારું નામ દઈને મને બોલાવે ! આ વિચારે સૌ મુક્તોના નેત્રના ખૂણા ભરાઈ જતા અને મહાત્મ્યના ઘૂઘવતા સાગરમાં સમાઈ જતા.

આ તો કેવી રીતિ કરી એમણે પ્રીતિ, લાડ લડાવી ભૂલોને વહેતી કીધી;
દેહ દોષોથી મુજને પર કર્યો, કેવા મોટા મળ્યા મુને ન્યાલ કર્યો.

### દિવ્ય અલૌકિક લીલાનાં અનુપમ સુખડાં

શિબિર દરમ્યાન રાત્રિ સેશનમાં વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં ચંદન લીલા, આઇસક્રીમ લીલા, પિરસણ લીલા, આશીર્વાદ લીલા આદિક લીલાઓનો લાભ લઈ સૌ કોઈ ગુરુજીની કરુણાવર્ષામાં ભીંજાઈ સુખિયા બનતા. વળી, શિબિરના પ્રારંભે આગમન લીલાનું પણ આયોજન થતું. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું આગમન થાય ત્યારે નૃત્ય કરતા મુક્તો અને બૅન્ડવાજાં સાથેની ટીમથી તાળીઓના નાદ વચ્ચે જાણે






મહારાજ અક્ષરધામથી સાજ લઈને પધારતા હોય તેવી દિવ્યાનુભૂતિ થતી. વ્હાલા ગુરુજી, પૂ. વડીલ સંતો તથા અન્ય પૂ. સંતો એક એક શિબિરાર્થીને આધ્યાત્મિક તથા વ્યવહારિક માર્ગે આગળ વધવા માટે વિશેષ બળ આપતા. સૌ મુક્તો અવરભાવ તેમજ કુસંગના યોગે કરીને વર્ષ દરમ્યાન થયેલ ભૂલોને ભૂલી જઈ ગુરુજીનું સાંનિધ્ય પામી રાજીપાના માર્ગે ફરીથી પ્રયાણ કરવા માટેનો સંકલ્પ કરી કટિબદ્ધ બનતા.

### ગુરુજીના અતિ આગ્રહનાં દર્શન

શિબિર દરમ્યાન પૂ. વડીલ સંતો પણ લાભ આપવા પધારતા. પૂ. સંતો સ્વજીવનને અનુલક્ષીને તેમજ હરિભક્તોના જીવન આધારિત કથાવાર્તા કરી શિબિરાર્થીઓને અડચણરૂપ બનતા પ્રશ્નોનું પ્રશ્નોત્તરી દ્વારા નિરાકરણ કરી ગુરુજીના મહાત્મ્યથી ભરી દેતા. વ્હાલા ગુરુજી પણ સવારે અલ્પાહાર કર્યા વિના ૮:૩૦ વાગ્યાથી બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી અને રાત્રિ સમે ૮:૦૦થી ૧૧:૩૦ વાગ્યા સુધી મહારાજના મહિમાની અને સિદ્ધાંતની ખુમારીથી ભરેલી અસ્મિતાસભર વાતોનો ૮-૮ કલાક લાભ આપતા. ગુરુજીના મુખકમળમાંથી નીકળતા અતિ આગ્રહભર્યા વચનોનો પ્રવાહ જોઈ જાણે સ્વયં મહારાજ જ ગુરુજી દ્વારા પોતાના અભિપ્રાયો જણાવી રહ્યા છે તેવો દરેકને અહેસાસ થતો. મહારાજનો મહિમા કહેવામાં તથા રાજીપાના માર્ગે દોડાવવા માટે આ દિવ્યપુરુષે કદી પોતાના દેહ સામું જોયું જ નથી. આવો, એના સાક્ષી બનીએ.

તા. ૨૫ અને ૨૬ એપ્રિલની શિબિર દરમ્યાન અમદાવાદ પૂર્વ ઝોન, ગાંધીનગર તેમજ ગોધર ઝોનના મુક્તો લાભ લેવા પધાર્યા હતા. આ તારીખો અગાઉ વ્હાલા ગુરુજીનું સેન્ટરોમાં વિચરણ ગોઠવાઈ ગયેલું હતું. વળી, શિબિરની આગલી રાત્રે ગુરુજી મહેસાણાથી ધામ પર રાત્રિના સમે પરત પધાર્યા હતા. સળંગ વિચરણથી વ્હાલા ગુરુજીના મુખ પર થાક સ્પષ્ટપણે જણાઈ આવતો હતો. સતત વિચરણના કારણે આરામના અભાવે વ્હાલા ગુરુજીને આગલી રાત્રે જ ૧૦૨° જેટલો તાવ ચડ્યો. સેવામાં રહેલા સંતોએ પ્રાર્થના કરી, "ગુરુજી, આપને આરામની ખૂબ જરૂર છે. પૂ. વડીલ સંતો આપના સ્થાને લાભ આપવા પધારશે." ગુરુજીએ કહ્યું, "સવારે જોઈશું." સવારે ચેક કર્યું તોપણ ગુરુજીને હજી એટલો ને એટલો જ તાવ હતો.




























ફરી પૂ. સંતોએ પ્રાર્થના કરી, “ગુરુજી, આપ રહેવા દો. આપ ન પધારશો.” ડૉક્ટરે તપાસ કરીને જણાવ્યું, “ગુરુજી, આપને અશક્તિ ઘણી છે. વધારે બોલવામાં તકલીફ પડશે.” છતાંય પરભાવી સ્વરૂપ ગુરુજી ઇન્જેક્શન, દવાઓ જેવી પ્રાથમિક સારવાર લઈ લાભ આપવા માટે બિરાજી ગયા. સાથે સેવામાં રહેલા સંતોએ નજીકથી જોયું હતું કે ગુરુજીને ઘણી અશક્તિ છે. પરંતુ ગુરુજીના આગ્રહ સામે સંતોએ નમતું મૂકી દીધું હતું. પણ વ્હાલા ગુરુજીએ જેવી મહારાજની બળભરી વાતો શરૂ કરી તો જાણે એમ જ લાગે કે ગુરુજીને કશું જ નથી. આ પરિસ્થિતિમાં પણ ગુરુજીએ સવારે, સાંજે અને રાત્રિ સેશનમાં તેમજ બીજા દિવસે પણ લાભ આપી સૌ મુક્તોને સુખિયા કર્યા હતા. પોતાના વ્હાલસોયા દીકરાઓને લાભ આપ્યા વિના ગુરુજી રહી શકે જ નહીં. ગુરુજીએ કદી પોતાના સ્વાસ્થ્ય સામું જોયું જ નથી. ‘ધન્ય બન્યા અમે ધન્ય બન્યા ! આપ જેવા ગુરુવર પામી અમે ધન્ય બન્યા.’

### સોનેરી ભલામણ

આ શિબિરો દરમ્યાન વ્હાલા ગુરુજીએ કિશોરો, યુવાનો અને વડીલો એમ ત્રણેય વર્ગને ધ્યાનમાં રાખી ઘણી ભલામણો કરી હતી : “સર્વે મુક્તોએ જ્ઞાન-ધ્યાન ચિંતનમાં અચૂક હાજરી આપવી. ઘરના સર્વે સભ્યોએ ભેગા મળી અઠવાડિયામાં એક વાર ક્ષમાયાચના દિન અચૂક કરવો. ઉંમર જેટલી માળા કરવી તેમજ મોબાઈલના દૂષણથી દૂર રહેવું.” વ્હાલા ગુરુજીએ કરેલી ભલામણોને સ્વજીવનમાં ઉતારવાનો સંકલ્પ લઈ સર્વે મુક્તોએ રાજીપાના માર્ગે પ્રયાણ કર્યું.

આમ, વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. સંતોના માર્ગદર્શન હેઠળ આદર્શ પ્રૉજેક્ટ કાર્યાલય દ્વારા તમામ શિબિરોનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ જ રીતે મહિલા વિભાગમાં પણ પૂ. ત્યાગી મહિલામુક્તોના સાંનિધ્યમાં આવી દિવ્ય સાંનિધ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ, આ શિબિરો દરમ્યાન ૩૫૧૦થી પણ વધુ હરિભક્તો કાયમી સંભારણાં પામી દિવ્યજીવનના પાઠ શીખી કૃતકૃત્ય બન્યા હતા.





# મોટા અંકેવાળિયા (ઝાલાવાડ) ખાતે ઊજવાયો દિવ્ય નૂતન સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહ









શ્રીજીમહારાજ, જીવનપ્રાણ બાપાશ્રી અને સદ્‌ગુરુ સંતોના પાવન પાદસ્પર્શથી પ્રસાદીભૂત થયેલ ઝાલાવાડની ધન્ય ભૂમિ. ગુરુદેવ પ.પૂ. બાપજી પણ અહીં સત્સંગ વિચરણ અર્થે પધારતા. અને એમાંય સુરેન્દ્રનગરની સભાને ગુરુદેવ બાપજી પાર્લામેન્ટ કહી સંબોધતા. અન્ય દરેક સેન્ટરોમાં ગુરુદેવ લાભ આપવા તો પધારતા પણ સુરેન્દ્રનગરની સભામાં ગુરુદેવ સવિશેષ ખીલી ઊઠતા. વચનામૃતના જ્ઞાનથી અનેક મુમુક્ષુઓને રંગી નાખ્યા. વ્હાલા ગુરુજીએ પણ સમયાંતરે અહીં પધારી સૌને સુખિયા કર્યા છે અને આજે પણ કરી રહ્યા છે. તા. ૨૬-૬-૨૦૨૬ના રોજ મોટા અંકેવાળિયા ખાતે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં નૂતન સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ ધામધૂમથી ઊજવાઈ ગયો તેનું દર્શન કરીએ.

મોટા અંકેવાળિયાના જીવા પટેલ શ્રીહરિના અનન્ય આશ્રિત હતા. પરિણામે અહીં સત્સંગનાં બીજ વવાયાં હતાં. વળી, અહીં બાપાશ્રીના હેત-રુચિવાળા હરિભક્તો પણ હતા. એ ન્યાયે બાપાશ્રીના કૃપાપાત્ર મૂળીના મહાસમર્થ સદ્. શ્રી હરિનારાયણદાસજી સ્વામી, સદ્. શ્રી ગોપીવલ્લભદાસજી સ્વામી, સદ્. મહાપુરુષદાસજી સ્વામી અને જાદવજીબાપાએ અહીં સત્સંગ વિચરણ અર્થે પધારી કારણ સત્સંગની ફૂલવાડીને લીલી રાખી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પણ આ જ વાડીને પોષણ આપીને લીલી રાખી રહ્યા છે. ગુરુદેવ પ.પૂ. બાપજી જ્યારે જ્યારે સુરેન્દ્રનગર ખાતે વિચરણ અર્થે પધારતા ત્યારે અવારનવાર મોટા અંકેવાળિયા લાભ આપવા પધારતા. ઈ.સ. ૨૦૦૫ દરમ્યાન ગુરુદેવ પ.પૂ. બાપજીએ અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અહીં ત્રિ-દિવસીય બ્રહ્મસત્રનું આયોજન કરી સૌને મહારાજના મહિમાની બળભરી વાતો કરી ખૂબ બળિયા કર્યા હતા.

હરિભક્તોમાં સત્સંગની ખિલવણી હેતુ ગુરુદેવ અને ગુરુજીની આજ્ઞાથી અહીં ઈ.સ. ૨૦૦૬થી પૂ. સંતો સત્સંગ વિચરણ અર્થે પધારવા લાગ્યા. અહીં ફરતી સભા દ્વારા અઠવાડિક સત્સંગ સભાની શરૂઆત થઈ. પૂ. સંતોના નિયમિત વિચરણથી સંખ્યા વૃદ્ધિ થતાં હરિભક્તોએ એક વેચાતું મકાન લઈ તેમાં સત્સંગ સભા શરૂ કરી. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં ઘણી વખત જાહેર સત્સંગ સભાનું તેમજ પધરામણીનું આયોજન ગોઠવાયું હતું. જેમ પતંગિયું આગમાં સમાઈ જવા માટે આકર્ષાય તેમ મુમુક્ષુ જીવો મહારાજ અને મોટાનું મહાત્મ્ય સમજી મોટાને વિષે આકર્ષાતા હોય એવું નજરે જણાય.

એ અરસામાં જયંતિભાઈ, કાંતિભાઈ, રમેશભાઈ, રમણીકભાઈ, દયાળજીભાઈ, રતિભાઈ, ગોવિંદભાઈ,

કાશીરામભાઈ, દિલીપભાઈ, મહેન્દ્રભાઈ, મનહરભાઈ, મણિલાલ, અમૃતભાઈ, ગણેશભાઈ, પ્રકાશભાઈ આદિ હરિભક્તો ગુરુદેવ તથા ગુરુજીની કૃપાદૃષ્ટિમાં આવીને સત્સંગ વૃદ્ધિની સેવામાં નિમિત્ત બન્યા.

ઈ.સ. ૨૦૨૪માં રમેશભાઈ ઠાકરશીભાઈ પાંચોટિયા મંદિરનિર્માણ કાર્યના હેતુથી ભૂમિસેવામાં નિમિત્ત બન્યા. થોડા સમય બાદ નિર્માણસેવાનો પ્રારંભ થયો અને જોતજોતામાં મંદિર બનીને તૈયાર થઈ ગયું. અને પ્રતિષ્ઠા ઉત્સવનાં દુંદુભિ સંભળાવાં લાગ્યાં.

ગામમાં મંદિર તૈયાર થઈ રહ્યું હોય તેનો આનંદ કોને ન હોય ? આબાલવૃદ્ધ સૌ કોઈ તા. ૨૬-૬-૨૦૨૬ના રોજ સાંજે ૬ વાગ્યે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીને વધાવવા સામૈયું લઈ આવી પહોંચ્યા. હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીનું આગમન થતાં જ વાતાવરણમાં જયજયકારના નાદ ગુંજી ઊઠ્યા. વ્હાલા ગુરુજીએ કુમકુમ અર્ચન કરી બોર્ડ અનાવરણ કર્યા બાદ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારનું પૂજન કરી મુમુક્ષુ જીવો માટે આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખુલ્લું મૂક્યું.

વ્હાલા ગુરુજીએ નૂતન સિંહાસનને વિષેથી પડદા ખોલી સિંહાસનમાં બિરાજિત શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિનાં દર્શન કરાવ્યાં ત્યારે સમગ્ર મંદિર પરિસર જયજયકારના નાદથી ગુંજી ઊઠ્યું. યજમાનો સંગે વ્હાલા ગુરુજીની ઉપસ્થિતિમાં મહાપૂજાનો પ્રારંભ થયા બાદ નૂતન પ્રતિષ્ઠિત મૂર્તિઓનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ આનંદોત્સવનો લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. પ્રોગ્રામના અંતિમ ચરણમાં જાહેર સભા દરમ્યાન વ્હાલા ગુરુજીના મુખેથી કથાવાર્તાનો લાભ લઈ મુમુક્ષુજનો મહાત્મ્યસભર બન્યા હતા. આજરોજ મહારાજને વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. નિર્ગુણસ્વામીની રાહબરી હેઠળ તથા પૂ. આજ્ઞાસ્વામી, પૂ. હરિવત્સલસ્વામી, પૂ. નિખાલસસ્વામી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ સૌ સ્વયંસેવક મુક્તોએ દિવસ-રાત જોયા વિના આ પ્રસંગને દીપાવ્યો હતો. આમ, આજના દિને ૨૩૦૦થી વધુ હરિભક્તો આ દિવ્ય સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહનો લાભ લઈ મહાપ્રસાદ પામી ધન્યભાગી બન્યા હતા.

## સંસ્થા ગૌરવ

### પ.ભ. શ્રી બિપીનચંદ્ર રમેશભાઈ પટેલ - છાયણ (સંતરામપુર)



મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના છાયણ ગામના વતની, ચિત્રકાર અને કલાસાધક એવા બિપીનભાઈ પટેલ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઇતિહાસ રચીને એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. આજથી દસ વર્ષ પૂર્વે તા. ૧૭-૫-૨૦૧૬ના રોજ એક અનોખા સંકલ્પ સાથે પોતાની કલાસાધનાનો પ્રારંભ કર્યો હતો. દરરોજ એક વૉટર કલર પેઇન્ટિંગ બનાવવાની નેમ લઈ ૧૦ વર્ષમાં ૩૬૫૧ ચિત્રો બનાવવાનો સંકલ્પ તેમની કલા પ્રત્યેની સાધનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. તા. ૧૭-૫-૨૦૨૬ના રોજ તેઓની ૩૬૫૧ ચિત્રો સાથે આ કલાસાધના પૂર્ણ થઈ. સળંગ ૧૦ વર્ષ સુધી આ કલા પ્રત્યે તેઓની સમર્પણભાવનાને લાખ લાખ વંદન. આ કલાસાધના દ્વારા તેઓએ અનોખા કીર્તિમાન સ્થાપિત કરી અનેક પ્રતિષ્ઠિત ઍવૉર્ડ તથા ૩ વૈશ્વિક રેકર્ડ પોતાના નામે કર્યા છે. ૧૦૦૦ દિવસમાં ૧૦૦૦ પેઇન્ટિંગ અને ૧૫૦૦ દિવસમાં ૧૫૦૦ પેઇન્ટિંગ પૂર્ણ કરવા બદલ તેમને વર્લ્ડ રેકર્ડ ઇન્ડિયામાં તેમજ ૨૩૦૦ દિવસમાં ૨૩૦૦ પેઇન્ટિંગની અદ્‌ભુત સિદ્ધિ બદલ વર્લ્ડ ગ્રેટેસ્ટ રેકર્ડમાં ગૌરવશાળી સ્થાન પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત તેઓ પાંચ વખત યુનેસ્કો ઍવૉર્ડથી સન્માનિત થઈ ચૂકયા છે. તાજેતરમાં જ તેઓને ગાંધીનગર ખાતે પ્રતિષ્ઠિત 'અતુલ્ય વારસો આઇડેન્ટિટી ઍવૉર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગુજરાત લલિતકલા અકાદમી દ્વારા અમદાવાદ ખાતે તેમને કલા જગતનો આદરણીય 'સ્વ. શ્રી રસિકલાલ પરીખ' ઍવૉર્ડ પણ એનાયત કરાયો છે. આજે તેઓનાં પેઇન્ટિંગ દેશ-વિદેશમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. ભારતના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યાલયમાં પણ તેમનું પેઇન્ટિંગ શોભા વધારી રહ્યું છે. આ ઉપરાંત તેમનાં આર્ટ વર્ક અમેરિકા, ફ્લોરિડા અને ઑસ્ટ્રેલિયા સુધી પહોંચ્યાં છે. તાજેતરમાં જ ઉઝબેકિસ્તાનના એક જાણીતા લેખિકાએ તેમનાં ત્રણ પેઇન્ટિંગ ખરીદીને વૈશ્વિક સ્તરે ગુજરાતની કલાનું ગૌરવ વધાર્યું છે. તેઓએ રચેલા આ જાજરમાન ઇતિહાસ બદલ એસ.એમ.વી.એસ. તીર્થધામ ગોધર દ્વારા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના હસ્તે વિશેષ સિદ્ધિ બદલ મોમેન્ટો અર્પણ કરીને ગૌરવ સાથે અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં. મહારાજ, બાપા, ગુરુદેવ તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ તેઓને ભવિષ્યમાં આવી ને આવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા રહે તેવા આશીર્વાદ પાઠવ્યા છે. દુનિયામાં દેશનું, ગુજરાતનું અને સંસ્થાનું ગૌરવ વધારવા બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

# સેવા અને
# સમર્પણના માર્ગે મળી
# SMVS સ્વામિનારાયણ
# હૉસ્પિટલને
# વધુ એક
# ગૌરવપૂર્ણ ક્ષણ...



ओएनजीसी ONGC અને GMDC FUELING THE GROWTH



## પ્રતિષ્ઠિત સંસ્થાઓનું Empanelment
## હવે SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ સાથે...

### દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ અમારી સાથે જોડાઈ રહી છે
### જેનું કારણ છે,

- સમર્પિત ડૉક્ટર્સ અને અનુભવી ટીમ
- અદ્યતન સુવિધાઓ સાથે શ્રેષ્ઠ સારવાર
- દર્દીની પરિવારના સભ્યની જેમ સંભાળ
- દરેક બીમારીની એક જ છત હેઠળ સારવાર
- આયુષ્માન કાર્ડ હેઠળ નિ:શુલ્ક સારવાર
- દરેક વીમા કંપનીના કેશલેસની સુવિધા

SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

વધુ માહિતી માટે કૉલ કરો : 63 59 77 07 25

info@smvshospital.com

Follow us :

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું કેનેડા ખાતે સત્સંગ વિચરણ









મહારાજ અને મોટાપુરુષના ભવ્ય સંકલ્પો સાકાર કરવા ને વિદેશની ભૂમિ પર વસતા મહિલા સમાજને સત્સંગનું બળ પ્રદાન કરવા પૂ. ત્યાગી મહિલામુક્તોનું કેનેડા ખાતે વિચરણ યોજાયું.

તા. ૭ મે, ૨૦૨૬ ને ગુરુવારના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. રમીલાબેન, પૂ. સંગીતાબેન ને પૂ. ગાર્ગીબેન તથા હરિભક્તોમાં પ.ભ. રમીલાબેન રમેશભાઈ પટેલ કેનેડા વિચરણ ખાતે પધાર્યાં.

**ટોરોન્ટો વિચરણ**

કેનેડા મંદિર ખાતે વિવિધ સત્સંગ કાર્યક્રમો શરૂ થયા. દરરોજ સવારે પ્રાતઃ સભાનો બળભર્યો લાભ, વિવિધ અંગત સભા દ્વારા ઘરના સમાજને લાભ તથા દર શનિવારની જાહેર સભાઓ યોજાઈ. વળી, આદર્શ પ્રૉજેક્ટ સભા ને DSS સભા દ્વારા ઘરના સમાજે આધ્યાત્મિકતા તરફ પ્રયાણ કર્યું. ત્યાં જ born & brought up થયેલાં કિશોરી તેમજ બાલિકામુક્તોની સભાઓ દ્વારા કિશોરી-બાલિકામુક્તોએ પણ રાજીપાની રીત શીખી. SKSની સભા દ્વારા સિલેક્ટેડ મુક્તોને જીવનધ્યેયની દૃઢતા કરાવાઈ. મહિલા શિબિરમાં પૂ. રમીલાબેને મળેલા મહારાજ ને મોટાપુરુષના મહાત્મ્યથી સૌને ભરી દીધાં. તો એક-દિવસીય પિકનિક દ્વારા સૌને દિવ્ય આત્મીયતાના પાઠ શીખવ્યા. કાર્યકર ડે, અગ્રેસર ટ્રેનિંગ તથા વિવિધ વહીવટી મિટિંગો દ્વારા અગ્રેસર-કાર્યકર વર્ગને સેવામાં હોમાઈ જવાનું અનેરું બળ મળ્યું હતું.

**રિમોટ વિચરણ**

GTAના (Greatest Toronto Areaના) વિવિધ વિસ્તારો જેવા કે ઈટોબિકોક, બ્રેમ્પટન(ઈસ્ટ), બ્રેમ્પટન(વેસ્ટ) તથા Outside GTAના વીટબી, કિચનર, હૅમિલ્ટન, ઓટાવા ખાતે એરિયા સભા તેમજ પધરામણીનું આયોજન થયું. સાથે સાથે નૉર્થયૉર્ક, સ્કારબોરો, ગલ્ફ, મિલ્ટન, કેમ્બ્રિજ, પિકરિંગ, બેલેવિલે, લંડન, વુડસ્ટોક, પીટરબરો ખાતે પધરામણીઓ યોજાઈ. Outside ontarioના રિજાઈના, સૅસ્કેટ્રન, એડમંટન, કૅલ્ગરી ખાતે વિવિધ આયોજનો જેવાં કે જાહેર સભા, અંગત સભા, પધરામણી દ્વારા મહિલા સમાજ મહિમાસભર બન્યો. આમ, કુલ ૪૦ દિવસના વિચરણ દરમ્યાન ૧૦૧ પધરામણી, ૬૯ સભા તથા ગોષ્ઠિ, ૧૩૬ અંગત બેઠકો દ્વારા કેનેડાના મહિલા સમાજે મહારાજ ને મોટાપુરુષના રાજીપાના રાજમાર્ગ પર પ્રયાણ કર્યું.

તા. ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ પૂ. ત્યાગી મહિલામુક્તો ઈન્ડિયા પરત પધાર્યાં.

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ. તથા યુ.કે. ખાતે સત્સંગ વિચરણ









મહારાજ અને મોટાપુરુષના ભવ્ય સંકલ્પોને સાકાર સ્વરૂપ આપવા માટે દર વર્ષે પૂ. ત્યાગી મહિલામુક્તોનું વિદેશ વિચરણ યોજાય છે. આ વખતે તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૬ ને સોમવારે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. પીંકલબેન, પૂ. જ્યોત્સ્નાબેન, પૂ. સ્મૃતિબેન, પૂ. કેયૂરીબેન તથા હરિભક્તોમાં પ.ભ. નીલિમાબેન પટેલ ચેરીહિલ મંદિર ખાતે પધાર્યાં.

યુ.એસ.એ.નાં સાત સેન્ટરો જેવાં કે જર્સીસિટી, એડિસન, ઍટલાન્ટા, સાન ફ્રાન્સિસ્કો, બોસ્ટન, શિકાગો, ચેરીહિલ તથા યુ.કે. ખાતે અનુક્રમે વિચરણ પ્રોગ્રામો યોજાયા. વ્હાલા ગુરુજીના દિવ્ય સંકલ્પે સમગ્ર સમાજમાં હૅપી ફૅમિલિનું સર્જન થાય તેવા હેતુથી પૂ. મુક્તોએ જાહેર સભામાં એ વિષય પર લાભ આપી સૌને સંકલ્પ પાકો કરાવ્યો. એ જ રીતે મહિમા સભામાં પણ ડિવાઇન ડિસિપ્લિન વિષય પર લાભ આપી સૌને ગુરુજીના સંકલ્પ આકારે કર્યા. પ્રાતઃ સભા, અંગત સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા દ્વારા સૌને આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરાવ્યું. કાર્યકર ડે, અગ્રેસર ટ્રેનિંગ તથા વિવિધ વિભાગોની મિટિંગો દ્વારા અગ્રેસર-કાર્યકર વર્ગને સેવા માટે ઉજાગર કર્યા. બાલિકા-કિશોરી સમાજમાં સત્સંગની દૃઢતા થાય ને એ વર્ગ પણ રાજીપાના માર્ગે દોડી શકે તેવા હેતુથી બાલિકા તથા કિશોરી સભા પણ યોજાઈ.

તા. ૧૪ મે, ૨૦૨૬ના રોજ વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સાથે પૂ. ધ્વનિબેન, પૂ. જલ્પાબેન તથા હરિભક્તોમાં પ.ભ. પ્રાર્થનાબેન પટેલ આમ એક ગ્રૂપનું લંડન ખાતે વિચરણ શરૂ થયું. લંડનનાં વિવિધ શહેરો જેવાં કે લેસ્ટર, બર્મિંહેમ, માન્ચેસ્ટર, ઈસ્ટ લંડન, ઈસ્ટબોર્ન તથા વોટફોર્ડ ખાતે સભા તેમજ પધરામણી યોજાઈ. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. પીંકલબેનનું ગ્રૂપ યુ.એસ.એ.થી તા. ૫ જૂનના રોજ યુ.કે. પધાર્યું. ત્યારબાદ મહિલા શિબિરનું આયોજન થયું. પિકનિકમાં દિવ્ય આત્મીયતાનો સંદેશ પ્રદાન થયો.

આમ, યુ.એસ.એ.ના કુલ ૫૩ દિવસના વિચરણ દરમ્યાન ૧૨૪ પધરામણી, ૧૦૧ સભા તથા ગોષ્ઠિ, ૨૦૪ અંગત બેઠક તથા યુ.કે.ના ૩૨ દિવસના વિચરણ દરમ્યાન ૧૦૧ પધરામણી, ૫૮ સભા તથા ગોષ્ઠિ, ૧૨૧ અંગત બેઠક દ્વારા સમગ્ર મહિલા સમાજમાં કારણ સત્સંગના વિજયધ્વજો લહેરાયા. આમ, પૂ. ત્યાગી મહિલામુક્તોનાં બંને ગ્રૂપ તા. ૧૫ જૂનના રોજ ઈન્ડિયા પરત પધાર્યાં.

# SMVS APP
## One Stop For All Solutions

Categorize Search

Personalized Library

Quick Access

**DOWNLOAD NOW**

SCAN ME — App Store

SCAN ME — Play Store




## દેશ-વિદેશ ખાતે ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય અભિષેકની વિગત



"કોઈને દેહનું દુઃખ હશે, ભૂત-પ્રેતાદિકનું નડતર હશે, આર્થિક મુશ્કેલીઓ હશે, ગમે તેવી મૂંઝવણો હશે કે સાંસારિક પ્રશ્નો હશે પણ આ મંદિરમાં આવી ભગવાનનાં દર્શન કરશે, એમનો આશરો કરશે, નિર્વ્યસની થઈ કંઠી બાંધશે અને બાધા-માનતા રાખશે તેનાં સર્વે દુઃખ થકી ભગવાન તેની રક્ષા કરશે, કરશે ને કરશે જ... - ગુરુદેવ પ.પૂ. બાપજી

સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪થી ૬

ધૂનનો સમય : દર મંગળવાર તથા શુક્રવારે સાંજે ૫થી ૭

**SMVS તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર**

લુણાવાડા-સંતરામપુર હાઇવે, તા. સંતરામપુર, જિ. મહીસાગર. ફોન : ૯૯૨૫૨૩૭૦૧૮/૩૩

## વિદેશ માટે અભિષેકની વિગત

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, જર્સીસિટી (USA)**

સોમવારથી શનિવાર

સવારે ૧૧:૧૫થી ૧૧:૪૫

દર રવિવારે સાંજે ૦૭:૩૦થી ૦૮:૦૦

**સંપર્ક**

બાલેન્દ્રભાઈ

૮૬૨ - ૨૧૫ - ૨૨૫૫

વિનુભાઈ

૨૦૧ - ૨૩૯ - ૬૪૪૬

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટો (કેનેડા)**

દરરોજ સવારે

૦૯:૩૦થી ૧૧:૩૦

દરરોજ સાંજે

૦૪:૩૦થી ૦૬:૦૦

**સંપર્ક**

૪૧૬ - ૭૪૧ - ૭૬૮૭

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, લંડન (UK)**

સોમવારથી શુક્રવાર

સવારે ૦૯:૦૦થી ૧૧:૦૦

સાંજે ૦૫:૦૦થી ૦૭:૦૦

શનિવાર અને રવિવાર

સવારે ૦૯:૦૦થી ૧૨:૦૦

સાંજે ૦૫:૦૦થી ૦૯:૦૦

**સંપર્ક**

કેયૂરભાઈ પટેલ - ૦૭૭૩૩૭૭૭૯૯૬

# ભજન-ભક્તિના અંગ કેળવીએ.

## 1. ઉંમર જેટલી માળા



- ઉંમર જેટલી માળા અચૂક કરીએ. મહારાજ અને ગુરૂજી ખૂબ રાજી થશે.
- નછૂટકે જો ઉંમર જેટલી માળા ન થઈ શકે તો,
- બાળકોએ છેવટે ઓછામાં ઓછી **11** માળા તો કરવી જ.
- **25** વર્ષથી વધુ ઉંમરના યુવકોએ ઓછામાં ઓછી **25** માળા તો કરવી જ.
- મોટી ઉંમરના વડીલો ન્યુનતમ **51** માળા તો કરવી જ. (આ સભ્યો 2 સ્લોટમાં માળા કરી શકશે.)



## 2. માનસીપૂજા



- નિયમિત **5** માનસીપૂજા કરીએ.જે જે માનસીપૂજા નિયમિત ન થતી હોય તેનું જાણપણું રાખી નિયમિત કરીએ.



## 3. નિજદર્શન



- વ્હાલા ગુરૂજીએ સમસ્ત સત્સંગ સમાજને નિત્યપ્રત્યે નિજદર્શન ડાયરી લખવાનો અતિ આગ્રહ જણાવેલ છે.રોજબરોજના વ્યવહારો દરમ્યાન થતી નાની-મોટી ભૂલોને નોંધી તેનો સ્વીકાર કરી, જે તે વ્યક્તિની માફી માંગી હળવાફૂલ જેવા બનીએ.
- અવરભાવમાં પોતાના સ્વભાવને કારણે કોઈ આપણને ડાઈરેક્ટ ભૂલ ન ઓળખાવી શકતા હોય તો કોઈ આપણને આપણી ભૂલો ઓળખાવી શકે તે માટે જરૂર પડે તો સૂચનબોક્સનો ઉપયોગ કરીએ.
- સૂચનબોક્સમાં મળેલા સૂચનોને સ્વજીવન સાથે સરખાવી,સુધારો કરી મહારાજ મોટાના રાજીપાના પાત્ર બનીએ.




**આવો,ભજન-ભક્તિનાં અંગ કેળવી મહારાજ-મોટાનો રાજીપો કમાઈએ.**

## નૂતન PDF પ્રકાશન

# Essence of Shikshapatri

1. Shikshapatri : A divine guidance for a pure, disciplined, and devoted life.
2. A sacred letter from Shriji Mahârâj, a guide to live with clarity and spiritual awareness.
3. Read, reflect, and follow niyams daily to strengthen one's satsang and conduct.
4. Let the 'Essence of Shikshapatri' lead you closer to Lord Swaminarayan's blessings.




# जीवनमंत्र

भक्त जीवन का अनुपम आदर्श




**इन नौ कलमों द्वारा ज्योति प्रज्वलित होती है**

- भक्त के हृदय में सर्वोपरी प्राप्ति के गौरवमान की
- महाराज, सत्पुरुष, संतों-भक्तों और मंदिर के प्रति ममत्वभाव तथा अस्मिता की
- जीवनध्येय के सतत अखंड अनुसंधान की
- सदेह मूर्ति में ही हूं... ऐसी कृतार्थता की
- आज्ञा-अनुवृत्ति, सेवा-समर्पण और बलिदान की
- प्राप्ति से स्थिति तक पहुंचने के मार्गदर्शन की

Download now at: www.smvs.org



ઉત્તમ પુસ્તકો આપણા સાચા મિત્રો છે.


કડી


વસ્ત્રાલ


રાજુલા

# આમ્રોત્સવ

સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં આમ્રોત્સવનું અનેરું મહત્ત્વ છે. શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં લક્ષ્મીવાડીમાં ભવ્ય આમ્રોત્સવનું આયોજન કરી અનેક જીવોને આ લીલા દ્વારા મોહિત કર્યા હતા. કાળઝાળ ગરમીના બળબળતા તાપમાં તૈયાર થયેલી સિઝનની સૌપ્રથમ મીઠી કેરી પ્રભુચરણે ધરવી એ શ્રીજીમહારાજ પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિનું દર્શન કરાવે છે. વસંત ઋતુમાં સંસ્થાના મંદિરોમાં આમ્રોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની ફોટો સ્મૃતિ રૂપે આછેરી ઝલક.


નરોડા


ઊંઝા



પાટણ

Ghanshyam, August-2026 Published on 10-08-2026. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.






## દિવ્ય સંત શિબિર




